નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/૯૪
પ્રિ–વિતરણ/GPCB /
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૧૦ /૦૭/૨૦૧૭

## // પરિપત્ર //

**વિષયઃ– નિગમની વસાહતોમાં ગુજરાત પ્રદુષણ બોર્ડ (GPCB) ની કચેરી માટે જમીન અથવા તૈયાર શેડ / બીલ્ડીગ ફાળવવા બાબત.**

**સંદર્ભઃ– નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/ પોલીસી/૮૫, તાઃ૧/૧/૨૦૧૧.**

નિગમની કેટલીક વસાહતો રાસાયણિક ઉધોગો માટે નિયત કરાયેલ છે તેમજ અન્ય વસાહતોમાં પણ આવા પ્રકારના તેમજ તેને સંલગ્ન ઉધોગો સ્થપાયેલ છે. આથી પ્રદુષણ નિયંત્રણની કામગીરી અર્થે સ્થાનિક સ્તરે ઝડપી કામગીરી કરવી આવશ્યક હોઈ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની પ્રાદેશિક કચેરી તેમજ વીજીલન્સ કચેરી સ્થાપવા બાબતે જમીન ફાળવણી અર્થે નીતિ વિષયક સૂચનાઓ વંચાણમાં લીધેલ સંદર્ભિત પરિપત્રથી જારી કરવામાં આવેલ હતી. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની પ્રાદેશિક કચેરી માટે કોઈ ચોકકસ વસાહતો નીમ કરવાના સ્થાને તમામ વસાહતો માટે એક નીતિ અમલમાં મુકવાની બાબત નિગમની વિચારણા હેઠળ હતી. જે સબબ તા.૨૦/૬/૨૦૧૭ના રોજ યોજાયેલ નિગમની ૪૯૬ મી સભા સમક્ષ કાર્યસૂચિ રજુ કરવામાં આવેલ હતી. નિગમે ઠરાવ ક્રમાંકઃ ૫૭/પ્રિ–વિતરણ/૪૯૬/૨૦૧૭ થી લીધેલ નિર્ણય અનુસાર નીચેની બાબતો તાત્કાલિક અસરથી અમલમાં મુકવાની થાય છે.

- વિતરણને લગતી અન્ય તમામ નીતિ વિષયક બાબતો યથાવત રહેશે.

- ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ધ્વારા જી.આઈ.ડી.સી. ની ઔધોગિક વસાહતો ખાતે તેઓની પ્રાદેશિક તેમજ વીજીલન્સ કચેરી સ્થાપવા માટે મહત્તમ ૧૫૦૦ ચો.મી. જેટલી ખુલ્લી જગ્યા અથવા ૨૦૦૦ થી ૨૫૦૦ ચોરસ ફુટના બાંધકામ ધરાવતો શેડ/ મકાનની ફાળવણી વિતરણ દરના ૫૦% લેખે તેમજ જો બાંધકામ હોય તો તેની કિંમત નિગમના ઈજનેર જે કિંમત નકકી કરે તે કિંમત સહિત એક સાથે રકમ વસુલ મેળવવાની રહેશે.

- ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના ફકત કન્ટીન્યુઅસ એમ્બીયન્ટ એર કવોલીટી મોનીટરીંગ સ્ટેશન (CAAQMS) સ્થાપવા માટે જગ્યાની માંગણી થાય તો અંદાજે ૪૦ ચો.મી. જેટલી જગ્યાની ફાળવણી વિતરણ દરના ૫૦% લેખે, વસાહતમાં ઉપલબ્ધતાના આધારે ફાળવવાની રહેશે. તમામ કિંમત એક સાથે રકમ વસુલ મેળવવાની રહેશે.

• જે વસાહતમાં કોઈ પ્લોટ કે શેડ ઉપ...
સીઓપી/ ...

- જે વસાહતમાં કોઈ પ્લોટ કે શેડ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં નિગમની વસાહતમાં ઉપલબ્ધ સીઓપી/ પી.પી. એરીયા / યુટીલીટી પ્લોટ વાળી જમીન હેતુફેર કરી સી.ઓ.પી. જળવાય તો ફાળવણી કરવાની રહેશે.

- સદર નીતિ અંતર્ગત કોઈ એક વસાહતમાં એકજ વખત ફાળવણી કરવાની રહેશે.

- જે વસાહતમાં વંચાણમાં લીધેલ સંદર્ભિત પરિપત્રથી જારી કરેલ નીતિનુસાર જમીન ફાળવવામાં આવી હોય તે વસાહતમાં આ નીતિ અંતર્ગત ફાળવણી કરવાની રહેશે નહી.

સદર નીતિ પરિપત્ર જારી કર્યા તારીખથી અમલમાં આવશે.

ઉપરોકત સૂચનાઓનું નિગમના તમામ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પ્રિ–વિતરણ) ને પાઠવવી.

સહી/–
**(ડી. થારા)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**<u>નકલ જયભારત સહ રવાનાઃ–</u>**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું

**મેનેજર (મહેકમ)**
જીઆઈડીસી, ગાંધીનગર